# જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, પોરબંદર જિલ્લો પોરબંદર

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ–૧૪૪ હેઠળનો હુકમ

નં.એમએજી/સી/જિ/ત/પં અને નપા/ચટણ/૨૪૨–૪/૨૦૨૧

જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી
પોરબંદર
તા.૨૪/૦૨/૨૦૨૧

### –હુકમ–

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકાઓ સામાન્ય ચૂંટણી તથા પ્રસંગોપાત પડેલ બેઠકોની પેટા ચૂંટણી ફેબ્રુઆરી–૨૦૨૧ કાર્યક્રમ તા.૨૩/૦૧/૨૦૨૧ થી જાહેર થયેલ છે. તે મુજબ પોરબંદર જિલ્લામાં પોરબંદર જિલ્લા પંચાયત, પોરબંદર/રાણાવાવ/કુતિયાણા તાલુકા પંચાયત તથા પોરબંદર–છાંયા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૨૮/૦૨/૨૦૨૧ ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૦૨/૦૩/૨૦૨૧ ના રોજ થનાર છે. રાજ્ય ચૂંટણી પંચની સુચનાનુસાર મતદાનના દિવસે મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં તથા મતગણતરી કેન્દ્રએ કોઈપણ વ્યકિત મોબાઈલ, સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી જેવા સાધનો લઈ જઈ શકશે નહિ કે સાથે રાખી શકશે નહિ, તેવી રીતે મતગણતરી સ્થળે પણ સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલા પ્રતિબંધીત વિસ્તારમાં પણ કોઈપણ વ્યકિત ઉપર મુજબના સાધનો ઈન્સ્ટ્રુમેન્ટ લઈ જઈ શકશે નહિં, સાથે રાખી શકાશે નહિં. તેમ છતાં કોઈ વ્યકિત દ્વારા ઉપરોકત સુચનાનું ઉલ્લંઘન કરી આવા સાધનો, ઈન્સ્ટ્રુમેન્ટ લઈ જવામાં આવશે અને તેમના કબ્જામાંથી મળી આવશે તો તે જપ્ત કરવામાં આવશે અને તેમની સામે ચૂંટણી પંચની સુચનાઓનું ઉલ્લંઘન કરવા બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની સબંધકર્તાઓએ નોંધ લેવી.

કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ અધિકારીઓ, સલામતી અધિકારીઓ કે જેઓની ફરજો મતદાન મથક  મતગણતરી સ્થળની નજીકમાં ફાળવેલ હોય તેમની ઓફિશ્યલ ફરજો સબબ આવા ઈન્સ્ટ્રુમેન્ટ સાધનોનો ઉપયોગ કરી શકશે તથા તેઓને ઉકત પ્રતિબંધ લાગુ પડશે નહિ. તેવીજ રીતે ચૂંટણીપંચ દ્વારા નિયુકત થયેલા ચૂંટણી નિરીક્ષકશ્રીઓને ઉકત ઈન્સ્ટ્રુમેન્ટ, સાધનોનો ઉપયોગ કરવાનો પ્રતિબંધ લાગુ પડશે નહિ. મતદાન તેમજ મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓને પણ તેમની ફરજોનાં ભાગરૂપે ઉકત ઈન્સ્ટ્રુમેન્ટ, સાધોનોનો ઉપયોગ કરવાનો થાય તેવા કિસ્સાઓમાં ઉકત પ્રતિબંધ લાગુ પડશે નહિ.

ઉપરોકત સુચનાઓની જાણ ઉમેદવારશ્રીઓ તેમના ચૂંટણી એજન્ટશ્રીઓ તથા રાજકીયપક્ષોને અવશ્ય કરવી અને ઉકત અખબારી યાદીનું ચુસ્તપણે પાલન કરવા જાહેર જનતાએ નોંધ લેવી.

આ જાહેરનામાનો અમલ ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સહિતાની કલમ–૧૮૮ મુજબ તે વ્યકિતનો ગુન્હો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા.૨૦૦/– સુધીનો દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજરોજ તા.૨૪–ફેબ્રુઆરી–૨૦૨૧ ના રોજ મારી સહી તથા સિકકો લગાવી પ્રસિધ્ધિ કરી.

(ડી.એન.મોદી)
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

**નકલ રવાના :**

૧. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, પોરબંદર
૨. પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર
જાહેરનામાની વધારાની ૧૦ નકલો સાથે સામેલ છે તો આપના તાબાના તમામ પો. સ્ટેશનમાં મોકલી આપવા તથા બહોળી પ્રસિધ્ધી કરવા તથા પ્રસિધ્ધી કરી દાખલો ફાઈલે રાખવા વિનંતી છે અને આ અંગે થાણા અમલદારોને સુચના આપવા વિનંતી છે.
૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદર, કુતિયાણા "
૪. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, કલેકટર કચેરી, પોરબંદર

૫. ચૂંટણી અધિકારીશ્રી..................................(તમામ) (મારફત ચૂંટણી શાખા)
૬. મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ..........................(તમામ) (મારફત ચૂંટણી શાખા)
૭. તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, પોરબંદર(શહેર/ગ્રામ્ય),રાણાવાવ, કુતિયાણા
૮. નાયબ માહિતી નિયામકશ્રી, માહિતી ખાતું, પોરબંદર તરફ

જાહેરનામાની નકલ સાથે સામેલ છે, તો દૈનિકપત્રમાં પ્રેસનોટ તરીકે વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધી કરવા સારૂ.

૯. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

જાહેરનામાંની ટાઈપ નકલ આ સાથે સામેલ છે, તેની ગુજરાત રાજયપત્રમાં પ્રસિધ્ધી કરવા સારૂ અને તેની નકલો તુરતજ અત્રેની કચેરીને રેકર્ડ માટે મોકલવા સારૂં.

૧૦. નિયામકશ્રી, એસ.ટી. વિભાગ, પોરબંદર
૧૧. આચારસંહિત અમલીકરણ અધિકારીશ્રી, ......................(તમામ) (મારફત ચૂંટણી શાખા)
૧૨. સહાયક વાહન વ્યવહાર અધિકારીશ્રી, પોરબંદર
૧૩. વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર (શહેર/ગ્રામ્ય) "
૧૪. આ કચેરીના નોટીશબોર્ડ ઉપર

**<u>નકલ સવિનય રવાના :</u>**

૧. રાજય ચૂંટણી કમિશ્નરશ્રી, રાજય ચૂંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગર જાણ અર્થે
૨. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર જાણ અર્થે